# ગાંધીનગરના "વિશેષ" શિક્ષકનું "એકસેલન્ટ સ્પેશિયલ એજ્યુકેટર" તરીકે સન્માન

## જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત વિશેષ એજ્યુકેશન એન્ડ થેરાપી સેન્ટરના પ્રિન્સિપાલ ડો. ચિરાગ ઉપાધ્યાયને રાષ્ટ્રીય કક્ષાએ સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના સે.૧માં જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત વિશેષ એજ્યુકેશન એન્ડ થેરાપી સેન્ટરના પ્રિન્સિપાલ ડો.ચિરાગ ઉપાધ્યાયને રાષ્ટ્રીય કક્ષાએ "એકસેલન્ટ સ્પેશિયલ એજ્યુકેટર" તરીકે સન્માનિત કરવામાં આવ્યાં છે. મધ્યપ્રદેશના નાગદા ખાતે તા.૧૧મી જુલાઈના રોજ યોજાયેલ સમારંભમાં ભારતીય અંધજન ક્રિકેટ ટીમના કેપ્ટન અજય રેડ્ડીના વરદ હસ્તે તેઓને "સ્નેહબીલીટી નેશનલ એવોર્ડ ૨૦૨૨" એનાયત કરવામાં આવ્યો હતો જેમાં ટ્રોફી, પ્રશસ્તિપત્ર અને રૂ. ૧૧૦૦૦/-ના રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

છેલ્લાં ૧૫ વર્ષથી દિવ્યાંગતા ક્ષેત્રમાં આ સન્માન મધ્યપ્રદેશના નાગદા સ્પેશિયલ નીડ્સ એજ્યુકેશન હોમ કામ કરતી સંસ્થા "સ્નેહ"ના સહ સંસ્થાપક અને નિયામક સ્વ. ડો.નૈના ક્રિશ્ચયનના માનમાં



ભારતમાં દિવ્યાંગતા ક્ષેત્રમાં કામ કરતી સંસ્થાઓ તેમજ વ્યક્તિઓને વિવિધ પાચ કેટેગરીમાં "સ્નેહબીલીટી નેશનલ એવોર્ડ" આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે. ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન સંચાલિત વિશેષ એજ્યુકેશન એન્ડ થેરાપી સેન્ટર ગાંધીનગરમા છેલ્લાં ૬ વર્ષથી પ્રિન્સીપાલ તરીકે ફરજ બજાવતા ચિરાગ ઉપાધ્યાયની રાષ્ટ્રીય કક્ષાએ "એકસેલન્ટ સ્પેશિયલ એજ્યુકેટર" તરીકે પસંદગી થતાં તેઓએ રાષ્ટ્રીય કક્ષાએ ગાંધીનગરનુ ગૌરવ વધાર્યુ છે.

# આંતરરાષ્ટ્રીય પરિષદમાં એનએફએસયુનું પ્રતિનિધિત્વ કરતી વિદ્યાર્થની અંતરા ઝા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લોની ફોરેન્સિક જસ્ટિસ એન્ડ પોલિસી સ્ટડીઝની વિદ્યાર્થિની અંતરા ઝાએ "મેના" (મિડલ ઈસ્ટ એન્ડ નોર્થ આફ્રિકા) દેશો માટે આપત્તિ વ્યવસ્થાપન માટેના વિવિધ અને અસરકારક ઉપાયો અંતર્ગત પોતાના સંશોધન કાર્યને વર્ચ્યૂઅલી રજૂ કર્યુ હતું.



"મેના" દેશો એટલે એવા દેશો કે જ્યાં માનવસર્જિત અને કુદરતી આફતો વારંવાર આવતી હોય છે અને વારંવાર આતંકવાદથી પીડાય છે. આ મુદ્દાઓની ચર્ચા-વિચારણા અને ઉપાય માટે "નાટો સધર્ન હબ" દ્વારા તા.૨૮ અને ૨૯ જૂન, ૨૦૨૨ દરમિયાન ઈટલી ખાતે એક આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં વર્ચ્યૂઅલી ભાગ લઈને અંતરા ઝાએ "મેના" દેશો માટે કાયદાકીય રીતે આપત્તિ વ્યવસ્થાપન (કુદરતી અને માનવસર્જિત) સંબંધી સમસ્યાઓનું નિવારણ અને ઉપાય અંગે પોતાના વિચારો વિશિષ્ટ પ્રેઝન્ટેશન સાથે રજૂ કર્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે એનએફએસયુનું પ્રતિનિધિત્વ કરવા બદલ એનએફએસયુના કેમ્પસ ડાયરેક્ટર પ્રો.(ડૉ.) પૂર્વી પોખરિયાલ અને એનએફએસયુના ઈન્ચાર્જ કુલપતિ પ્રો. (ડૉ.)એસ.ઓ. જુનારે અને સમગ્ર યુનિવર્સિટીએ અભિનંદન પાઠવ્યા છે. ઉલ્લેખનીય છે કે ગત તા.૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સંયુક્ત રાષ્ટ્રની ગ્લોબલ ગોલ ટોકમાં પણ સુશ્રી અંતરા ઝાએ વૈશ્વિક સ્તરે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

# ચાતુર્માસ : ચાર મહિના સુધી જૈન સાધુ-સાધ્વી વિહાર કરતા નથી

## સે-૨૨માં ૯ જેટલા સાધુ-સાધ્વી રોકાયા છે અને વહેલી સવારે વ્યાખ્યાન યોજે છે

ગાંધીનગર, તા.૧૧

જૈન ધર્મમાં ચાતુર્માસનું ભારે મહત્વ અંકાયું છે. ચોમાસાના ચાર મહિનાનો સમય એવો છે કે જૈન સાધુ-સાધ્વીઓ એક જ સ્થળે ચાર મહિના સુધી સ્થિરતા કરે છે અને ત્યાં રહેતા નાગરિકોને આ ચાર મહિનામાં ધર્મ માર્ગે પ્રવૃત્ત કરવાનું યુગ કાર્ય તેઓ બજાવે છે. ચાતુર્માસના ચાર મહિનામાં વરસાદના કારણે અનેક જીવ જંતુઓ ઉત્પન્ન થતાં હોવાથી આ જીવોની હિંસા ના થાય, તેમની જગ્યા જળવાય, તેમની રક્ષા થઈ શકે તે માટે ચાતુર્માસના ચાર મહિના જૈન સાધુ-સાધ્વીઓને એક જ સ્થાને સ્થિર રહેવાનો આપણાં ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ આદેશ અપાયો છે. જૈન સાધુ-સાધ્વીઓ ચાતુર્માસના આ ચાર મહીના સવિશેષ તપ-જપ-ધ્યાન-ધર્માભ્યાસમાં ગાળે છે. અન્યોને પણ ધર્મોપદેશ આપી ધર્મમાર્ગે જોડે છે. ધર્મમાં સ્થિર કરે છે. જૈનોમાં ચાતુર્માસનો આ સમય અષાઢ સુદ-૧૪ થી કારતક સુદ-૧૫ સુધીનો હોય છે. આ ચાતુર્માસમાં શ્રાવક-શ્રાવિકાઓને સંયમ, આચાર અને



અનુશાસનનું પાલન કરવાનું હોય છે. શ્રમણ ભગવંતોનો ઉપદેશ શ્રવણ કરવાનો હોય છે. આ સમયે તપશ્ચર્યાનો મહિમા પણ અધિક જોવા મળે છે. અઠ્ઠાઈથી માંડીને માસક્ષમણ અને એથી પણ અધિક તપસાધના આ ચાતુર્માસમાં જૈનો કરતા હોય છે. આ ચાતુર્માસમાં ચાર મહિના જૈનોએ ગુરુ ભગવંતની આજ્ઞાથી (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્ર્યાચાર (૪) તપાચાર (૫) વીર્યાચાર એમ પાંચ પ્રકારના નિયમોનું પાલન કરવાનું હોય છે. આ પાંચે નિયમોમાં જ્ઞાનાચારમાં ગુરુ ભગવંતોના વ્યાખ્યાનાદિ શ્રવણ કરવું, ધર્મસૂત્રો, ગાથાઓ વગેરે કંઠસ્થ કરવી, નવકાર મંત્રનો જાપ કરવો, એંઠા મુખે બોલવું નહી વગેરે નિયમોનો સમાવેશ થાય છે.

દર્શનાચારમાં પરમાત્માના નિત્ય દર્શન, સેવા પૂજા કરવી, પરમાત્માની આંગી કરવી, પરમાત્માનો જાપ કરવો, ગુરુ વંદન કરવું વગેરે નિયમો આવી જાય છે.

ચારિત્રાચારમાં દરરોજ અથવા તિથિએ સામાયિક, પ્રતિક્રમણ કરવું, વાહન-ચંપલ-ગાદીનો ત્યાગ કરવો, સિનેમા-ટીવી-વિડીયો વગેરનો ત્યાગ કરવો એ નિયમોનો સમાવેશ થાય છે.

તપાચારમાં નવકારશી, પોરસી, તિવિહાર, ચોવિહારનું પાલન કરવું, લીલોતરી, ફ્રૂટ, મીઠાઈનો ત્યાગ કરવો, પર્વ તિથિએ ઉપવાસ, આયંબિલ, એકાસણું, બિયાસણું વગેરે તપ કરવું, તપસ્વીઓની ભકિત કરવી વગેરે. વીર્યાચારમાં સામુહિક અનુષ્ઠાનોમાં ભાગ લેવો, સંઘની પ્રવૃત્તિઓમાં જોડાવું, સંપત્તિ, વસ્ત્ર, ભોજન, આદિનું દાન કરવું, શકિત ગોપાવ્યા વિના આરાધના કરવી, નિયમિત પણે ધર્મપાલન કરવું વગેરે. દિગંબર ફિરકામાં આ પર્વ પર્યુષણથી એટલે કે ભાદરવા સુદ પાંચમથી શરૂ કરી ૧૦ દિવસ મનાવાય છે. આ દિવસો દરમિયાન દસ લક્ષણા વ્રત અંગીકાર કરાય છે. પર્વના ૧૦ દિવસ દરમિયાન ઉમાસ્વાતીના તત્વાર્થ સત્રનું વાંચન પઠન કરવામાં આવે છે. દસમા દિવસે સુગંધા-દશમીનું વ્રત કરવામાં આવે છે. ચોથના દિવસે દિગંબર લોકો અનંત ચતુર્દશી ઉજવે છે.

શ્વેતાંબર ફિરકામાં આ તહેવાર ૨૮ દિવસ ઉજવાય છે. કલ્પસૂત્રનું વાંચન કરવામાં આવે છે. છેલ્લા દિવસે પ્રતિક્રમણ કરાય છે. આ ઉપરથી છેલ્લા દિવસને સંવત્સરી પણ કહે છે.

# ચિલોડા પંચાયત કચેરી ખાતે વિશ્વ વસ્તી દિન પખવાડિયા ઉજવણી

ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા પંચાયત કચેરી ખાતે તા. ૮મી જુલાઈના રોજ વિશ્વ વસ્તી દિવસ પખવાડિયા ઉજવણી અંતર્ગત ગુરૂ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. જ્યાં વસ્તી નિયંત્રણ માટે આરોગ્યલક્ષી પદ્ધતિની સમજણ આપવામાં આવી. જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલ મુખ્ય મહેમાન રહ્યા. ચિલોડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી અનિતાબેન પટેલ, સી.એચ.ઓ. ડૉ. કૌશલ નાયક, અલ્પાબેન, હાર્દિક પ્રજાપતિ, કિંજલબેન અને અલકાબેને વિવિધ પદ્ધતિની પ્રાથમિક સમજ આપી.



પી.એલ.વી. નટુભાઈ પટેલ વિશ્વ, ભારત અને ગુજરાતની વસ્તી વધારાનો દર વધતાં આંકડાકીય માહિતી સાથે વસ્તીની ગુણાત્મક અને સંખ્યાત્મક દુરોગામી અસરો - ગંભીર સમસ્યા જે કુદરતી સમસ્યા નથી પણ માનવસર્જિત વસ્તી વિસ્ફોટમાં શહેરીકરણની ગીચતા રહેઠાણ, ભુખમરો, બેરોજગારીની ગંભીર સમસ્યા અંગે ધ્યાન દોર્યું હતું. પરિણામ સ્વરૂપે હવે કુટુંબ નિયોજન અને પદ્ધતિની સમજણ દ્વારા નિયંત્રણ કરવું સૌને માર્ગદર્શન આપ્યું હતું. નાનુ કુટુંબ સુખી કુટુંબ, અમે બે અમારા બે સુત્રને ધ્યાનમાં રાખી એક કુટુંબ એક પરિવાર અપનાવવા અનુરોધ કર્યો હતો. વસ્તી વિસ્ફોટમાં મૃત્યુદર અને જન્મદર વચ્ચેનો ભેદ સમજાવ્યો હતો. પરિણામે સામાજિક વિકટ સ્થિતિ સામે લાલ બત્તી સમાન પુરૂષ અને સ્ત્રી વચ્ચેની અસમાનતા અંગે ગંભીર અસરો વ્યાપક બની છે.

# ‘નલ સે જલ યોજના’ અંતર્ગત રાજ્યના ૯૬ ટકા ઘરોને નળ જોડાણ

ગાંધીનગર, તા. ૧૧

પાણી એ ‘પરમાત્માનો પ્રસાદ’ છે. મનુષ્ય જાતિના અસ્તિત્વ માટે પાણી સૌથી મોટુ અને નિર્ણાયક પરિબળ છે અને એટલે જ વિશ્વની મહાન સંસ્કૃતિઓનો વિકાસ નદી કિનારે જ થયેલો જોવા મળે છે. છેલ્લા બે દાયકામાં ગુજરાતે તમામ ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. વિકાસનો મૂળભૂત આધાર પાણી છે એ બાબતને ધ્યાને રાખીને ગુજરાત સરકારે રાજ્યના ૯૬ ટકા ઘરો સુધી નળથી પાણી પહોંચાડી ગુજરાતને ખરા અર્થમાં ‘પાણીદાર’ બનાવ્યુ છે. ગુજરાતની મહિલાઓને હવે પાણી ભરવા જવા માટે દૂર જવુ પડતુ નથી. રાજ્યના અંતરિયાળ વિસ્તારો અને આદિજાતિ વિસ્તારો સુધી ઘર આંગણે પીવાનું પાણી પહોંચ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘદૃષ્ટિ પૂર્ણ નેતૃત્વ હેઠળ જળસંચય અને જળસિંચન દ્વારા પાણીની સમસ્યાનુ સમાધાન રાજ્ય સરકારે પ્રાપ્ત કર્યુ છે. રાજ્યવ્યાપી વોટર ગ્રીડના નિર્માણ થકી અને જૂથ પાણી પૂરવઠાની યોજનાઓને વેગ આપી ‘નલ સે જલ’ માટેનું સુદ્રઢ આયોજન થયુ છે અને ગુજરાતના ૯૬ ટકા ઘરો સુધી પાણી પહોંચ્યુ છે.

## પાણીદાર ગુજરાત – નાગરિકોને પીવાના શુધ્ધ પાણીનું આયોજન

**“રાજ્ય વ્યાપી પીવાના પાણીની ગ્રીડ” નું નિર્માણ:**

પીવાનું પાણી છેક છેવાડાના વિસ્તારો સુધી પહોંચે તે હેતુથી રાજ્ય વ્યાપી પીવાના પાણીની ગ્રીડનું નિર્માણ તબક્કાવાર હાથ ધરવામાં આવ્યું. ગ્રીડના મુખ્ય સ્ત્રોત તરીકે નર્મદા નહેરોનુ તેમજ અન્ય સ્થાનિક સ્ત્રોત જેવા કે ડેમ, કેનાલ, નદી વિગેરેનો સમાવેશ થાય છે. નર્મદા નહેર આધરિત ૨૬૮૪ કીમી. બલ્ક પાઈપલાઈન અને ૪૫ મુખ્ય પંપીગ સ્ટેશનનું (150 MW) નિર્માણ કરવામાં આવ્યું છે. ૯૯૦૪ ગામો જોડવામાં આવ્યા છે. જ્યારે ૪૦૮૫

### રાજ્યવ્યાપી ગ્રીડના નિર્માણ થકી દૂર-સૂદૂર અને દુર્ગમ વિસ્તારોમાં પાણી પહોંચાડ્યા

ગામોને અન્ય સરફેસ સોર્સ આધારિત જુથ યોજના અંતર્ગત જોડવામાં આવ્યા છે. આમ કુલ ૧૩૯૮૯ ગામો જુથ પાણી પુરવઠા યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે. ૧૧૮૭ ગામોને જુથ યોજના હેઠળ આવરી લેવા માટેના કામો પ્રગતિ હેઠળ છે અને ૨૩૪૭ ગામો માટેના કામો આયોજન હેઠળ છે. આમ રાજ્યાના તમામ ગામોને જૂથ યોજનાનો લાભ આપવા વિભાગે નિર્ધાર કર્યો છે.

રાજ્ય વ્યાપી પાણી પુરવઠા ગ્રીડ થકી ૩૨૦૦ એમ.એલ.ડી પાણી વિતરણ કરવામાં આવે છે એટલે કે છેલ્લા ૨૦ વર્ષમાં ૨૯૫૦ એમ.એલ.ડી નો વધારો થયો છે. રાજ્યમાં ૧૧૨૦ ઊંચી ટાંકીઓ, ૧૯૧૮ ભુગર્ભ ટાંકાઓ, ૧૨૬૩ હેડવર્ક, ૪૧૧૮ એમ. એલ.ડી ક્ષમતાના ૨૬૬ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ અને ૧.૨૦ લાખ કિલોમીટરથી વધુ લંબાઈની વિતરણ પાઈપલાઈન નિર્માણ કરવામાં આવ્યું છે. ગ્રીડના નિર્માણની સાથો સાથ તબક્કાવાર પીવાના પાણીના



ધોરણોમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૯માં દૈનિક ૪૦ લીટર પ્રતિ વ્યક્તિના ધોરણને સુધારી ૭૦ લીટર પ્રતિ વ્યક્તિ કરવામાં આવ્યું, જે વર્ષ ૨૦૧૩ માં ફરીથી સુધારો કરી ૧૦૦ લીટર પ્રતિ વ્યક્તિ કરવામાં આવ્યું. આમ, રાજ્ય સરકાર દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે વિશાળ માળખાકીય સુવિધાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે જેના પરીણામે રાજ્યમાં કોઈપણ ગામમાં પીવાના પાણીની ગુણવતા તેમજ અપુરતા જથ્થાનો પ્રશ્ન નથી.

**જુથ યોજનાના પાઇપ નેટવર્ક ડિઝાઇનીંગમાં સુધારાઓ:**

ગુજરાતમાં જુથ પાણી પુરવઠા યોજનાઓ પાણી પુરૂ પાડવા અને વિતરણ કરવા માટે ટેલિસ્કોપિક નેટવર્ક મોડેલનો ઉપયોગ કરીને ડિઝાઈન કરવામાં આવતી હતી. આ ડિઝાઈન સરળ અને તેમજ ઓછા ખર્ચ વાળી હતી, પરંતુ તેમાં અસમાન પાણી વિતરણ, ઓછું દબાણ અને પાઈપ નેટવર્કના વિસ્તરણની મુશ્કેલી જેવી આંતરિક ખામીઓ હતી. તદુપરાંત, કોઈપણ મરામતની પ્રવૃત્તિ

### રાજ્યવ્યાપી પાણી પૂરવઠા ગ્રીડ દ્વારા ૩૨૦૦ એમએલડી પાણીનું વિતરણ કરાય છે, છેલ્લા ૨૦ વર્ષમાં ૨૯૫૦ એમએલડીનો વધારો



કરવાથી મોટી સંખ્યામાં ગામોમાં પાણી પુરવઠાને વિક્ષેપ પડતો હતો. નવી યોજનાઓ માટે, “હબ અને સ્પોક” નામના મોડલનો ઉપયોગ પાણી વિતરણની વિશ્વસનીયતા અને એકરૂપતાને સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહ્યો છે. આ સિસ્ટમના ઘણા ફાયદા છે, જેમાં પાણીનું સમાન વિતરણ, નવા ગામડાઓને વધુ સરળતાથી ઉમેરવાની ક્ષમતા, હયાત ઈન્ફ્રાસ્ટ્રકચરનું ઑપ્ટિમાઈઝેશન અને તેને સંચાલન અને મરામતની સરળતાનો સમાવેશ થાય છે.

**ગામોની વ્યક્તિગત યોજનાઓ તથા નળ કનેકશનની વ્યવસ્થા બાબત**

વ્યકિતગત યોજનાઓમાં ૧૦૦ લીટર પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસનો જથ્થો પુરો પાડવામાં આવે છે. રાજ્યમાં તમામ ગામ/ફળીયાઓને ૧૦૦ ટકા પાઈપલાઈન યોજના હેઠળ ધ્વારા આવરી લેવામાં આવ્યા છે. ઉનાળાના સમય દરમ્યાન અગાઉના વર્ષોની સરખામણીમા ટેક્રર મારફતે પાણી વિતરણ થતા ગામોની સંખ્યામાં ઘટાડો થયો છે. ગત વર્ષે માત્ર ૪૫ ગામોમાં ટેક્રર મારફતે પાણી પુરુ પાડવામાં આવ્યુ હતુ. રાજ્યના ૯૧.૭૭ લાખ ગ્રામિણ ઘરો પૈકી ૮૪.૫૩ ઘરોમાં પીવાનુ પાણી નળ મારફતે આપવામાં આવે છે. રાજ્યના ૧૨ જીલ્લાઓ, ૧૨૩ તાલુકાઓ અને ૧૪૪૭૭ ગામોમાં “હર ઘર જલ” યોજના થકી ૧૦૦ ટકા ઘરોમાં નળ દ્વારા પીવાનુ

### પાણીના વિતરણને નિયમિત અને સુનિશ્ચિત બનાવવા ‘હબ અને સ્પોક’ મોડેલનો ઉપયોગ

પાણી પુરુ પાડવામાં આવ્યું છે. રાજ્ય સરકાર ગુજરાતમાં ૧૦૦ ટકા ગ્રામીણ ઘરોમાં નળ મારફતે પીવાનુ પાણી પુરુ પાડવાની સિધ્ધિ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી પુર્ણ કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. રાજ્યમાં ૧૮૪૦૨ મીની પાઈપ યોજનાઓ અને ૨.૮૫ લાખ હેન્ડપંપ છે.

પાણી પુરવઠા ક્ષેત્રે ગુજરાતમાં કરવામાં આવેલા જંગી રોકાણની વિગતો જોઈએ તો, વર્ષ ૨૦૦૧-૦૨માં રૂ. ૯૩૯.૨૫ કરોડનો ખર્ચ થયેલ જ્યારે વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ. ૪૪૮૭.૨૯ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાણી પુરવઠા પ્રભાગ હેઠળ છેલ્લા ૨૦ વર્ષમાં કુલ રૂ. ૪૬૬૦૦ કરોડનુ રોકાણ કરી પીવાના પાણીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના છેવાડાના ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે અને નર્મદાની નિર્ભરતા ઘટાડવા



માટે કચ્છના માંડવી, દ્વારકા, ગીર સોમનાથ, ઘોઘા અને તેની આજુબાજુના વિસ્તારમાં ૨૭ કરોડ લીટર ક્ષમતાના કુલ ૪ ડિસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટ થકી અછતની પરિસ્થિતીમાં સંપૂર્ણ પણે નર્મદા આધારિત રહેવાની જગ્યાએ દરિયાના પાણી થકી, પાણીની સુરક્ષાની બાબતમાં આ સરકારનું એક નિર્ણાયક કદમ છે.

### સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં જળ સલામતી પૂરી પાડવા ૪ ડિસેલીનેશન પ્લાન્ટ સ્થપાશે